For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વેકેશનમાં અમે પણ દોડાદોડી કરવા વતન ચાલ્યા....



■ દિવાળીનું વેકેશન શરૂ થતાં જ સુરતમાં વસતા સૌરાષ્ટ્રવાસી સહિત ઉત્તર ગુજરાતના લોકો વતન જવા નીકળી રહ્યા છે ત્યારે તેમના વાહનોને પણ આ રીતે ટેમ્પોમાં ભરાવી વતન લઈ જવામાં આવી રહ્યા છે. (તસવીર: સતીષ જાદવી)

શાળા-કોલેજોમાં કાલથી દિવાળી વેકેશન, આજે અંતિમ દિવસ

21 દિવસનું વેકેશન, ૨૬ નવેમ્બરથી નવા સત્રની શરૂઆત; કોલેજોમાં વેકેશન બાદ યુનિવર્સિટીની પરીક્ષાઓનો ધમધમાટ

સુરત : દિવાળીના તહેવારને લઈ શાળા-કોલેજોમાં વેકેશનનો માહોલ છવાઈ ગયો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ સત્રનો આવતીકાલે ૪ નવેમ્બરે અંતિમ દિવસ રહેશે. ત્યારબાદ ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન શરૂ થશે. વેકેશનને પગલે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ, કોલેજોના વિદ્યાર્થીઓ માટે વેકેશન બાદ તરત જ યુનિવર્સિટીની પરીક્ષાઓ શરૂ થવાની હોવાથી અભ્યાસની તૈયારી માટે આ રજાઓ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

શાળાઓમાં ૮ જૂનથી પ્રથમ સત્રનો પ્રારંભ થયો હતો. પ્રથમ સત્ર દરમિયાન કુલ ૧૨૦ કાર્યકારી દિવસ રહ્યા હતા. હવે ૨૬ નવેમ્બરથી દ્વિતીય સત્ર શરૂ થશે, જે ૨ મે, ૨૦૨૭ સુધી ચાલશે. બીજા સત્રમાં વિદ્યાર્થીઓને ૧૨૪ દિવસ શૈક્ષણિક કાર્ય કરવાનું

...અનુસંધાન પાના 5 પર

નર્મદ યુનિવર્સિટીનું કાર્યાલય અને ગ્રંથાલય ૮થી ૧૫ નવેમ્બર સુધી બંધ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર મુજબ દિવાળી નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલય અને ગ્રંથાલય ૮થી ૧૫ નવેમ્બર સુધી બંધ રહેશે. ૧૬ નવેમ્બરથી બંને રાબેતા મુજબ કાર્યરત થશે. જ્યારે ૭ નવેમ્બરે ધનતેરસના દિવસે કાર્યાલયનો સમય સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી રહેશે.

ન્યૂ બમરોલી રોડની અમૃત મિલ્કમાંથી 398 કિલો શંકાસ્પદ પનીર જપ્ત કરાયું

દિવાળીમાં મીઠાઈની 16 દુકાન પર દરોડા, 31 સેમ્પલ લેવાયાં

સુરત: આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને સુરત મનપાના ફૂડ વિભાગ દ્વારા મંગળવારે શહેરના વિવિધ વિસ્તારોમાં મિઠાઈનું ઉત્પાદન અને વેચાણ કરતી કુલ 16 અગ્રણી સંસ્થાઓ પર ઓચિંતી સ્થળ તપાસ કરવામાં આવી હતી, જે દરમિયાન અધિકારીઓએ વિવિધ ખાદ્ય પદાર્થોના કુલ 31 શંકાસ્પદ નમૂનાઓ એકત્રિત કરીને ટેસ્ટ માટે લેબોરેટરી ખાતે મોકલી આપ્યા છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના નિયમો અનુસાર કસૂરવાર સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવશે.

કઈ કઈ સંસ્થામાંથી નમૂના લેવાયા

- શ્રી મહેશ્વરી કન્ફેક્શનર્સ, ટર્નિંગ પોઈન્ટ એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ
- કૈલાશ રેસ્ટોરન્ટ, શ્રીનાથજી એપ્ટ, ટીમલીયાવાડ, નાનપુરા
- અતુલ્ય ડેરી ફૂડ્સ, ગ્રીન હાઉસ કોમ્પ્લેક્સ, લજામણી ચોક, મોટા વરાછા
- રસમાધુરી સ્વીટ એન્ડ સ્નેક્સ, ગ્રીન હાઉસ કોમ્પ્લેક્સ, મોટા વરાછા
- રસસાગર સ્વીટસ હાઉસ, સહારા દરવાજા, રિંગ રોડ
- મુદિતાની મીઠાઈ, મહેક એપ્ટ, નાનપુરા
- રસસાગર સ્વીટ હાઉસ, ભગવતી આશિષ એપાર્ટમેન્ટ, સિટી લાઇટ
- શિવશક્તિ સ્વીટ એન્ડ સ્નેક્સ, ગોપી માર્કેટ, રિંગરોડ
- શિવશક્તિ સ્વીટ એન્ડ સ્નેક્સ, ઘોડદોડ રોડ
- અવધ ડેરી અને સ્વીટસ, બાપા સીતારામ ચોક, સિમાડા
- ક્રિપીભોગ ફુડસ, માવૃદ્ધિકૃપા કોમ્પ્લેક્સ, નાના વરાછા
- હરિયાણા સ્વીટસ, રિંગ રોડ
- આગ્રા સ્વીટસ, શુભલક્ષ્મી શોપિંગ સેન્ટર, સિટીલાઇટ રોડ
- મિસ્ટીઓ, અભિષેક એપાર્ટમેન્ટની સામે, વેસુ
- આગ્રા સ્વીટસ અને નમકીન, ભટાર રોડ
- મહેશ્વરી કન્ફેક્શનર્સ, ટીમલીયાવાડ, નાનપુરા

તે ઉપરાંત ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચના સ્ટાફ અને સુરત મનપાના ફૂડ વિભાગ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને તા. 2 જી નવેમ્બરે ન્યુ બમરોલી રોડ તિરુપતી સર્કલ પાસે આવેલા 'અમૃત મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ' ખાતે

...અનુસંધાન પાના 5 પર

કાલે રમા એકાદશી સાથે દિવાળી પર્વનો પ્રારંભ, શુક્રવારે ધનતેરસ

રવિવારે દિવાળી ઉજવાશે, સોમવારે ધોકાનો દિવસ, મંગળવારે નવા વર્ષની ઉજવણી થશે

પ્રકાશના મહાપર્વ દિવાળીના વધામણાં માટે સુરત સહિત સમગ્ર ગુજરાતમાં ઉત્સવનો માહોલ જામવા લાગ્યો છે. પરમ દિવસથી અગિયારસના પાવન દિવસ સાથે દીપોત્સવી પર્વની શ્રૃંખલાનો વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે.

...અનુસંધાન પાના 5 પર

દીપોત્સવી મહાપર્વના મુખ્ય દિવસો અને મુહૂર્ત

- **૪ નવેમ્બર - રમા એકાદશી (અગિયારસ):** દીપોત્સવનો પ્રારંભ, લક્ષ્મી-નારાયણ પૂજન અને દીપ પ્રાગટ્ય.
- **૫ નવેમ્બર - વાઘબારસ (ગોવત્સ દ્વાદશી):** ગૌ-વત્સ પૂજન અને સરસ્વતી આરાધના.
- **૬ નવેમ્બર - ધનતેરસ:** ધન અને આયુર્વેદ પૂજન સાંજે ૬:૦૫ થી ૭:૦૦ વાગ્યા સુધી.
- **૭ નવેમ્બર - કાળીચૌદશ:** અભ્યંગ સ્નાન સવારે ૫:૪૫ થી ૬:૪૦ વાગ્યા સુધી.
- **૮ નવેમ્બર - દિવાળી (ચોપડા પૂજન):** લક્ષ્મી પૂજન સાંજે ૫:૫૫ થી ૬:૦૧, નિશીથ કાળ રાત્રે ૧૧:૪૧ થી ૧૨:૩૩ વાગ્યા સુધી.
- **૧૦ નવેમ્બર - ગોવર્ધન પૂજા / અન્નકૂટ:** પૂજા મુહૂર્ત સવારે ૬:૪૧ થી ૮:૫૧ વાગ્યા સુધી.
- **૧૧ નવેમ્બર - ભાઈબીજ:** પૂજા-તિલક માટે બપોરે ૧:૧૧ થી ૩:૨૧ વાગ્યા સુધીનો શુભ સમય.

સોના-ચાંદીના ભાવમાં કડાકાથી ધનતેરસે સારી ઘરાકી જામવાની જ્વેલર્સને આશા

સોનાના સિક્કા અને લગડીની ખરીદીમાં પણ ઉછાળો આવવાનો અંદાજ

સુરત : દિવાળીના પર્વ દરમિયાન સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાતાં સુરતના જ્વેલરી

...અનુસંધાન પાના 5 પર

150થી 175 કરોડનો વેપાર થવાનો અંદાજ

બીજી તરફ, સોનામાં રોકાણ કરનારા ગ્રાહકો સોનાના સિક્કા ઉપરાંત સોનાની લગડીની ખરીદી તરફ પણ વળશે. ભગવાનનાં ઘરેણાંની ખરીદીમાં પણ સારો પ્રતિસાદ મળવાની સંભાવના છે. સુરતના જ્વેલર્સના અંદાજ મુજબ આ વર્ષે ધન તેરસના શુભ દિવસે 150 થી 175 કરોડનો વેપાર થવાનો અંદાજ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જ્વેલરી બજારમાં સારો વેપાર રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. સોના-ચાંદીના ભાવમાં ઘટાડો,

...અનુસંધાન પાના 5 પર

પાથરણાવાળાના ફટાકડામાં આગ લાગી અને આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો

પૂણા, કિરણ ચોક નજીક બાપા સીતારામ ફાર્મ પાસે પાથરણાવાળાના સ્ટોલમાં લાગેલી આગમાં અન્ય સ્ટોલ પણ સ્વાહા

રોકેટ-બોંબ, આતશબાજીથી વિસ્તાર ધણધણી ઊઠ્યો, બચવા લોકોમાં ભાગદોડ મચી

ફાયર સેફ્ટી વગર ધમધમતી દુકાનો બની જોખમી, 15 મિનિટની જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો

સુરતઃ શહેરના પૂણા સ્થિત કિરણ ચોક નજીક, બાપા સીતારામ ફાર્મ પાસે જાહેર માર્ગ પર પાથરણા પાથરીને વેચવામાં આવતા ફટાકડાના સ્ટોલમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. એક સ્ટોલમાં લાગેલી આગે પળવારમાં બાજુના અન્ય સ્ટોલને પણ લપેટમાં લઈ લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. આગ લાગતાં જ રોકેટ સહિતના વિવિધ ફટાકડા આડેધડ

...અનુસંધાન પાના 5 પર



તહેવાર ટાણે રોજીરોટી છીનવાઈ, મહિલાઓ રડતાં-રડતાં ઢળી પડી

દિવાળીના તહેવાર નિમિત્તે ચાર પૈસા કમાઈને પરિવારનું ગુજરાન ચલાવવા માટે ગરીબ પરિવારે રસ્તા પર ફટાકડાનું પાથરણું લગાવ્યું હતું. જોકે, અણધારી આગે આંખના પલકારામાં આખો માલ અને આજીવનની મૂડી ભસ્મીભૂત કરી નાખી હતી. નજર સામે જ રોજીરોટી ખાખ થતી જોઈ પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. પરિસ્થિતિ એટલી હૃદયદ્રાવક બની ગઈ હતી કે પરિવારની મહિલાઓ સુધબુધ ગુમાવી રસ્તા પર જ રડતાં-રડતાં ઢળી પડી હતી અને તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

આસપાસના 20થી 25 ફટાકડાના સ્ટોલ બચ્યા, મોટી હોનારત ટળી

આ અકસ્માતની ભયાનકતા વિશે વાત કરતાં ફાયર વિભાગના સૂત્રોએ વિગતવાર જણાવ્યું હતું કે જે સ્ટોલમાં આગ લાગી હતી, તેની બરાબર આજુબાજુમાં અન્ય 20થી 25 જેટલા ફટાકડાના ગેરકાયદે પાથરણા અને સ્ટોલ પણ લાઈનબંધ ગોઠવાયેલા હતા. જો સમયસર ફાયરની ટીમ ન પહોંચી હોત અને આગ આ બાજુના સ્ટોલ સુધી ફેલાઈ ગઈ હોત તો સુરત શહેરમાં કોઈ મોટી અને ગંભીર હોનારત સર્જાવાની પૂરી શક્યતાઓ હતી. જોકે, અચાનક ફાટી નીકળેલી આગ અને આકાશમાં ઉડતા રોકેટને જોઈને ફેલાયેલી ભીતિના પગલે

...અનુસંધાન પાના 5 પર

પત્ની સાથેની તકરારમાં કોર્ટ પાર્કિંગમાં પેટ્રોલ છાંટી અગ્નિસ્નાનનો પ્રયાસ

ડિંડોલીના રિક્ષાચાલક વિનોદ પાટીલની છ વર્ષથી અલગ રહેતી પત્ની સાથે માથાકૂટ ચાલે છે

સવારે પત્ની સાથે ફોન પર બોલાચાલી થયા બાદ વિનોદે બળી મરવાનો પ્રયાસ કરતાં વકીલોએ બચાવી લીધો

સુરતઃ દિવાળી ટાણે આજે બપોરે ૩.૪૦ કલાકે સુરત જિલ્લા કોર્ટના પાર્કિંગમાં એક ગમખ્વાર ઘટના બનતા રહી ગઈ હતી. કોર્ટનાં પાર્કિંગમાં એક પુરુષે પોતાની ઉપર પ્લાસ્ટિક બોટલમાં લાવેલું પેટ્રોલ રેડી આગ ચાપવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે આ પાર્કિંગમાં વાહનોનું પાર્કિંગ ફુલ

...અનુસંધાન પાના 5 પર



આત્મવિલોપનનો પ્રયાસ કરનાર રિક્ષા ચાલકને પોલીસે સમજાવી મોકલી આપ્યો

આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ડિંડોલી વિસ્તારમાં રહેતા વિનોદ યુવરાજ પાટીલ રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. તેઓ છેલ્લાં છ વર્ષથી પત્નીથી અલગ રહે છે. પત્ની સતત પિયરમાં રહેતી હોવાથી તેના ચારિત્ર્ય અંગે શંકા

...અનુસંધાન પાના 5 પર

સુરતી મોઢવણિક દુઃખદ અવસાન



સ્વ. પ્રવિણચંદ્ર ચંપકલાલ ગાંધી
સ્વ. તા. 3/૧૧/૨૬
આસો વદ નોમ

અમારા સ્વજન **પ્રવિણચંદ્ર ચંપકલાલ ગાંધીનું** મંગળવાર તા. ૩-૧૧-૨૬ ના રોજ અવસાન થયું છે. તેમની અંતિમયાત્રા અમારા નિવાસસ્થાને થી બુધવાર તા. ૪-૧૧-૨૬ ના રોજ સવારે ૮ વાગ્યે નીકળી જહાંગીરપુરા સ્મશાને જશે. તેમનું બેસણું શ્રી સુરતી મોઢવણિક સમસ્ત પંચ- પાલ વાડી, પાલ સુરત ખાતે બુધવાર, તા. ૪-૧૧-૨૬ ના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખવામાં આવેલ છે.

નોંધ: ચાદર- શાલ પ્રથા બંધ છે.

લિ. ગં.સ્વ. હેમંતીબેન પ્રવિણચંદ્ર ગાંધી
કૃણાલ પ્રવિણચંદ્ર ગાંધી (પુત્ર) | દર્શના કૃણાલ ગાંધી (પુત્રવધુ)
રાકેશ પ્રવિણચંદ્ર ગાંધી (પુત્ર)
આર્યન કૃણાલ ગાંધી (પૌત્ર)
સમસ્ત ગાંધી પરિવાર

નિવાસસ્થાન : બી-૧૨, સંગીતાપાર્ક સોસાયટી, કોઝવે રોડ, બ્રેજનવાલાની ગલીમાં, તાડવાડી, રાંદેર મો. 98258 15005, 96873 04345

વ્હાલી ''માં'' ને ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૪/૧૯૪૫
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬
ગામ : ભીમરાડ

એવી નજર ક્યાંથી લાવવી કે
તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય.
હજુ જરૂર હતી તમારી અમને
ત્યાં કુદરત લઈ ગણો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે,
રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ
એ જ જીંદગી અમારી હતી.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અને સદ્ગતિ આપે,
એજ ભાવાત્મક શ્રધ્ધાંજલિ
ૐ શાંતિ... ૐ શાંતિ...

લિ.

કિશોરભાઈ રતિલાલભાઈ પટેલ	મધુબેન કિશોરભાઈ પટેલ (શાંતા ગોદાવરી)
ઈશ્વરભાઈ શાંતિભાઈ પટેલ	લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ (મગદલ્લા)
નટવરભાઈ રામજીભાઈ પટેલ	ગીતાબેન નટવરભાઈ પટેલ (મણીકુંજ)
જયેશભાઈ નરસિંહભાઈ પટેલ	રમીલાબેન જયેશભાઈ પટેલ (અલથાણ)
રાકેશભાઈ રમણભાઈ પટેલ	પદમાબેન રાકેશભાઈ પટેલ (અલથાણ)
હેમંતભાઈ ચીમનભાઈ પટેલ	દમયંતિબેન હેમંતભાઈ પટેલ (અલથાણ)
ધર્મેશભાઈ વલ્લભભાઈ પટેલ	જયશ્રીબેન ધર્મેશભાઈ પટેલ (વેસુ)
જનકભાઈ ઈશ્વરભાઈ પટેલ	ધર્મિષ્ઠાબેન જનકભાઈ પટેલ (અલથાણ)

વ્હાલી 'નાની માઁ' ને ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
સ્વ. તા. ૩૧-૧૦-૨૦૨૬

એક સમય હતો, જ્યારે સવારે તમારો કિલ્લોલ, ઘર-વાડાની સફાઈ અને વૃક્ષોને પાણી આપતી તમારી મમતા ઘર ભરી દેતી હતી. આજે અમે ઘરે જઈએ તો તમારી ખોટ અમને વર્તાય છે. હજુ અમે ઘરના ઓટલા પર પગ મૂકીએ એટલે માય બૂમ પાડીએ છે. કેમ કે અમને તો ઘરમાં છે એવું જ લાગે છે. આજે એજ સવાર આવે છે, પણ તમારું હોવું ક્યાંક ખૂટી ગયું છે. ઘર તો છે, પણ ઘર જેવું લાગતું નથી. ભગવાન તમારી આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.

પ્રિયમ વિશાલ પટેલ	વિશાલ શરદભાઈ પટેલ (પીપલોદ)
અસ્મિતા અલ્પેશ પટેલ	અલ્પેશ રમણભાઈ પટેલ (પલ રેસી., ભીમરાડ)
રિદ્ધી હિમાંશુ પટેલ	હિમાંશુ કાંતિલાલ પટેલ (ભેસ્તાન)
જલ્પા સંદીપ પટેલ	સંદીપ રમેશચંદ્ર પટેલ (પીપલોદ)
મેઘના બિમલ પટેલ	બિમલ બાબુભાઈ પટેલ (રૂંઢ મગદલ્લા)
પાયલ વિશાલ પટેલ	વિશાલ ચંપકભાઈ પટેલ (આભવા)
ફેની વિકાસ પટેલ	વિકાસ ભીખુભાઈ પટેલ (સરસાણા)

અંકિતા, તોરલ, કશીશ, પ્રિયલ, સુરાગી

વ્હાલી 'નાની માઁ' ને ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
સ્વ. તા. ૩૧-૧૦-૨૦૨૬

પળે પળે યાદ આવશે અમને,
સદાય તમારી ખોટ રહેશે અમને,
દેહથી ભલે દુર થયા તમે,
સદાય અમારા હૃદયમાં વસો છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
જલ્પા સંદીપ પટેલ
સંદીપ રમેશચંદ્ર પટેલ
કિષીકા, વ્રિહા

શ્રધ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૪/૧૯૪૫
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬
ગામ : ભીમરાડ

જીવનમાં કુટુંબના દરેક ડગલે-પગલે, દુનિયામાં સમાજના દરેક શુભ-અશુભ પ્રસંગે જેઓ પરિવારના સદા પથદર્શક બન્યા. તમે આપેલ સરળ જીવન, ઉચ્ચ વિચાર, ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યો, પ્રામાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વારસાને અમે સદાય આત્મસાત્ કરતાં રહીશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

ઈશ્વરભાઈ શાંતિભાઈ પટેલ	અશ્મિતા અલ્પેશભાઈ પટેલ
લક્ષ્મીબેન ઈશ્વરભાઈ પટેલ	અલ્પેશભાઈ રમણભાઈ પટેલ
કિંજલકુમાર ઈશ્વરભાઈ પટેલ	મેઘના બિમલભાઈ પટેલ
પિન્ટુકુમાર ઈશ્વરભાઈ પટેલ	બિમલભાઈ બાબુભાઈ પટેલ

વ્યોમી ધ્રુશિવ આરિવ
(ગામ : મગદલ્લા)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દસમી પુણ્યતિથિએ યાદાંજલિ



સ્વ. બાબુભાઈ જી. આહિર
આગમન તા.: ૦૧/૦૭/૧૯૫૧
પ્રસ્થાન તા.: ૦૪/૧૧/૨૦૧૬

અંત અનંતનો તંત ન તૂટ્યો ને વસમી થઈ વિદાય,
દિપાવલીના એ પર્વની યાદો રહી ગઈ બાકી...

ઓળખે પંથક આજે જ્યારે, અમને તમારા નામથી,
સામાન્યમાંથી સર્જન કર્યાની વાતો રહી ગઈ બાકી...

ભોળા, અડગ, નિર્ભય, કુશળ ગુણશોભિત,
અંત સમય સ્થિતપ્રજ્ઞ ચહેરાની છાપ રહી ગઈ બાકી...

નિમેષ બી. આહિર – કલ્પના એન. આહિર
પિનલ – પાયલ
વૈભવ – અવધિ, ધ્રુવી

ક્ષત્રિય દુઃખદ અવસાન - બેસણું



સ્વ. જશવંતીબેન હિતેન્દ્રભાઈ રેશમવાલા
જન્મ તા. ૨૪-૧૨-૧૯૪૯
સ્વ તા. ૦૩-૧૧-૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે શ્રી હિતેન્દ્ર ઉમેદરામ રેશમવાલા ના ધર્મ પત્ની સ્વ. જશવંતીબેન હિતેન્દ્રભાઈ રેશમવાલા નું દુઃખદ અવસાન તા. ૦૩-૧૧-૨૦૨૬ ને મંગળવારના રોજ થયેલ છે.

તેમનું બેસણું : તા. ૦૪-૧૧-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : ધમણવાલા એસી હોલ, સિંગાપુર વાડી, રૂસ્તમપુરા, સુરત.

લિ.
હિતેન્દ્રભાઈ ઉમેદરામ રેશમવાલા
મનોજ હિતેન્દ્રભાઈ રેશમવાલા
કવિતા મનોજકુમાર રેશમવાલા
ભવ્ય મનોજકુમાર રેશમવાલા
મો. નં. ૯૮૨૫૨ ૮૧૨૮૭

વ્હાલી 'માઁ' ને ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
સ્વ. તા. ૩૧-૧૦-૨૦૨૬

તુ જનેતા તુજ માતા ભવે ભવ ભૂલાય ના..
રડી પડે છે આંખો અમારી જોઇ તસ્વીર તારી,
અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઇ,
મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

રાકેશભાઈ રમણભાઈ પટેલ	વિશાલ ચંપકભાઈ પટેલ
પદમાબેન રાકેશભાઈ પટેલ	પાયલ વિશાલ પટેલ
શિવ રાકેશભાઈ પટેલ	અંકિતા રાકેશભાઈ પટેલ

ત્વિશા
તથા સમસ્ત પટેલ પરિવાર
શિવ સ્નેહ બંગલો, અલથાણ ગામ

આઠમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



ડો. શશિકાંત શાહ

સજ્જનતા આપની સુવાસ હતી, પ્રસન્નતા આપનું જીવન હતું,
સત્કર્મ આપની શોભા અને પરોપકાર આપનું કર્તવ્ય હતું,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં,
એવા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
કુમુદબેન શશિકાંત શાહ

સમીર શાહ (પુત્ર)	નિધિ શાહ (પુત્રવધૂ)
સ્વાતિ શાહ (પુત્રી)	કૈતનકુમાર શાહ (જમાઈ)
સુભાષચંદ્ર શાહ (ભાઈ)	તુષાર શાહ (ભત્રીજા)
નિમેષ શાહ (ભત્રીજા)	જીજ્ઞાસુ શાહ (ભત્રીજા)

અને સમગ્ર શાહ પરિવાર

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. નિર્મલાબેન નંદકિશોર ચોરાવાલા

મહિલા મંડળનાં કમિટી સભ્ય, સ્વ. નિર્મલાબેન ચોરાવાલા સ્વભાવે નિખાલસ, મિલનસાર, દીર્ઘદ્રષ્ટા, હાજરજવાબી, સ્પષ્ટવકતા અને મંડળ માટે એક વકીલસમા હતા. તેમના આકસ્મિક નિધનથી મહિલામંડળને ન પૂરાય એવી ખોટ પડી છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચિરશાંતિ બક્ષે.

લિ. **શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટ**

આશા ડી. કાપડિયા (પ્રમુખ)	દક્ષા કે. મંગુરિયા (મંત્રી)
ભારતી એસ. માંડવીવાલા (ઉપપ્રમુખ)	હિના જે. તાલિયા (સહમંત્રી)

નિર્મલા એમ. કાંટલીવાલા (ખજાનચી)
સર્વ મહિલા મંડળની કમિટીની બહેનો